# તોબા.. આ.. ગરમી.. નગરજનો ત્રસ્ત

**પારો ૪૧.૬ ડિગ્રી : અંગ દઝાડતી ગરમીથી નગરનુ જનજીવન પ્રભાવિત : ગઇકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાન ૧ ડિગ્રી ઉંચકાયુ**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં ગરમીએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ છે. ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો એક ડિગ્રી ઉંચકાતા આજે સવારથી નગરજનોએ અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કર્યા હતો. બપોરના સમયે શેહરના માર્ગો પર સન્નાટો છવાઈ ગયો હતો. સવારથી જ વાતાવરણમાં ગરમી પ્રકોપ અનુભવતા નાગરિકો તોબા પોકારી ગયા હતા. જયારે બપોર થતા જ તાપ માથે ચઢતા આકાશમાંથી અંગારા વરસતા હોય તેમ નગરજનો અંગ દઝાડતી ગરમીથી બેબાકળા બની ગયા હતા.

ગઈકાલે મહત્તમ તાપમાન ૪૦.૬ ડિગ્રી રહ્યુ હતુ. જયારે આજે ગરમીનો પારો એક ડીગ્રી ઉંચકાતા ૪૧.૬ ડિગ્રી તાપમાન પહોંચ્યુ હતુ. ગરમીના લીધે નગરજના જનજીવન પર વિપરિત અસર જોવા મળી રહી છે. દિવસની ગરમીથી બચવા માટે શહેરીજનો કામ સિવાય ઘરની બહાર નિકળતા નથી.જયારે ઓફિસ અવર્સર દરમિયાન રીસેશમાં પણ બહાર જવાનુ ટાળે છે. ગરમીથી બચવા માટે નગરજનો શિકંજી , તરબુચ ,ટેટી ,છાશ સહીત ઠંડા પીણાઓનુ સેવન પણ વિશેષ કરી રહ્યા છે. ઓફિસ અને ઘરોમાં પણ સતત એ સી ધમધમતા જોવા મળી રહ્યા છે. બીજીતરફ શ્રમિકોની હાલત ગરમીમાં કફોડી બની છે. કાળઝાળ ગરમીમાં ખુલ્લા આકાશ નીચે રહેતા શ્રમિકો તાપથી બચવા માટે વૃક્ષોની છાંય શોધીને રહેવાનુ પસંદ કરે છે.

આકરા તાપના લીધે નગરજનોના આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. ગરમીના લીધે લું લાગવી તેમજ ચક્કર આવવા અને તાવના દર્દીઓ પણ વધી રહ્યા છે. ગરમીથી બચવા માટે બપોરના સમયે ઘરની બહાર ન નિકળવા માટે પણ તબીબોએ સલાહ આપી છે. ગરમીનો પારો ઉંચકાતા પરીક્ષાના અંતે વિદ્યાર્થીઓ પણ વેકેશનની વાટે છે. ચુંટણી ચકરાવો વચ્ચે ગરમીનો મિજાજ પણ નિખરતા પ્રચાર ઝુંબેશ પણ ગરમીથી પ્રભાવિત થઈ છે. સેકટરોની શેરીઓમાં દિવસ ભર ગરમીની અસરથી સન્નાટો જોવા મળી રહ્યો છે. જયારે રાત્રિ દરમિયાન નગરના માર્ગો તેમજ સર્કલો પર નાગરિકો લટાર મારવા નિકળી પડે છે.



# ચિલોડા-સરખેજ માર્ગ પર ૩૪૦૦ રોપાઓ રીટ્રાન્સપ્લાન્ટ કરાયા

**૮૫ જેટલા વૃક્ષોને પણ મુળમાંથી રીટ્રાન્સપ્લાન્ટ કરી બચાવી લેવાયા**

ગાંધીનગર તા ૧૧

ચિલોડા સરખેજ રૂટમાં માર્ગ અપગ્રેડ કરવા માટે હાલ પુરજોશમાં કામગીરી ચાલી રહી છે. ઓવર બ્રિજનુ કામ પણ ઝડપથી પુર્ણ કરવા માટે પણ આયોજન કરાયુ છે. જયારે રૂટમાં આવતા વૃક્ષો પૈકી ૩૪૦૦ રોપાઓને અન્ય ઠેકાણે રીટ્રાન્સપ્લાન્ટ કરાયા છે. આ ઉપરાંત૮૫ જેટલા વૃક્ષોને પણ ટ્રાન્સપ્લાન્ટ કરયા છે. નેશનલ હાઈવે દ્વારા વૃક્ષોને અનુલક્ષીને તગડુ વળતર પણ વનવિભાગને ચુકવામાં આવ્યુ છે.

ચિલોડા સરખેજ માર્ગને અપગ્રેડ કરવા માટેના પ્રોજેકટનુ કામ ચાલી રહ્યુ છે. જયારે આ માર્ગના વાઈડનીંગ તેમજ રૂટમાં આવતા ઓવરબ્રિજના નિર્માણ માટે પણ આયોજન કરાયુ છે. દાયકાઓના અંતે માર્ગની સુધારણા તેમજ વાઈડનીંગ સહીતનુ કામ હાથ ધરાતા માર્ગ પર વધતા ટ્રાફિકની અવરજવર સરળ બનશે. છેલ્લા કેટલાક સમયથી આ માર્ગ પર ટ્રાફિકનો ધમધમાટ વધી ગયો છે. જેના લીધે રૂટના પ્રત્યેક જંકશન પર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. આવા સંજોગોમાં માર્ગ પર ટ્રાફિકનુ ભારણ વધતા માર્ગ સલામતી પણ જોખમમાં મુકાઈ છે. જેને અનુલક્ષીને નેશનલ હાઈવે વિભાગ દ્વારા આ માર્ગને અનુલક્ષી તૈયાર કરાયેલા પ્રોજેકટ અન્વયે કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. રૂટમાં આવતા બ્રિજને અનુલક્ષી ટ્રાફિકને ડાયવર્ટ કરવા માટેનો મેપ પણ તૈયાર કરી દેવાયો છે. જેથી બ્રિજ નિર્માણની કામગીરી પણ ઝડપથી પુર્ણ કરાશે. બીજીતરફ આ માર્ગની કામગીરીને અનુલક્ષીને રૂટમાં સેંકડો વૃક્ષોની પણ કટોતી કરવામાં આવી છે. જયારે વનતંત્ર દ્વારા ૩૪૮૫ રોપાઓ તેમજ વૃક્ષોને અન્ય ઠેકાણે રીટ્રાન્સપ્લાન્ટ પણ કરવામાં આવ્યા છે. રી ટ્રાન્સપ્લાન્ટ અન્વયે વનતંત્ર દ્વારા ચિલોડા તેમજ સરગાસણ બ્રિજ પાસેથી ૮૫ વૃક્ષોને અન્ય ઠેકાણે ટ્રાન્સપ્લાન્ટ કરાયા છે.જયારે ૩૪૦૦ જેટલા રોપાઓને પણ રીટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે. આ પ્રોજેકટ અન્વયે રૂટમાં આવતા સંખ્યાબંધ હરિયાળા વૃક્ષોની કટોતી કરવાની નોબત આવી છે. જેના લીધે પ્રકૃતિ પ્રેમીઓમાં પણ ઉદાસીનતા સેવાઈ રહી છે. જો કે વનતંત્રને આ માટે લાખોનુ વળતર ચુકવી અન્ય ઠેકાણે વૃક્ષોની વાવણી થઈ શકે તેવુ આયોજન પણ કરાયુ છે. આ ઉપરાંત રીટ્રાન્સપ્લાન્ટ થઈ શકે તેવા વૃક્ષો અને રોપાઓને પણ પુરતી માવજત સાથે અડાલજ ઓવર બ્રિજ સહીત વિવિધ કોર્નર વિસ્તારમાં ખસેડાયા છે.

# શહેરમાં મતદારોની જાગૃતિ માટે ૧૬મીએ વૉટ ફોર રન યોજાશે

**વૉટ ફોર રનના કાર્યક્રમમાં યુવા મતદારો ઉપરાંત તમામ વય જૂથના મતદારોને જોડવામાં આવશે : તંત્ર દ્વારા પૂરજોશમાં તૈયારી આરંભાઈ**

ગાંધીનગર, તા. ૧૧

મતદારોની જાગૃતિ માટે આગામી ૧૬મી એપ્રિલના રોજ ગાંધીનગર ખાતે વૉટ ફોર રનના કાર્યક્રમનું આયોજન તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યુ છે.

મતદારોની જાગૃતિ અભિયાનને લઈ તંત્ર દ્વારા આ વૉટ ફોર રન સે. ૧૫માં આવેલ કોલેજથી શરૂ થશે. જે મહાત્મા મંદિર થઈ સેન્ટ્રલ વિષ્ટા થઈ વિધાનસભા થઈી કોલેજ પરત આવશે.

મળતી વિગતો પ્રમાણે આ વૉટ ફોર રનના કાર્યક્રમમાં યુવા મતદારો ઉપરાંત તમામ વય જૂથના મતદારોને જોડવામાં આવશે. આ માટેની તંત્ર દ્વારા પૂરજઓશમાં તૈયારી આરંભી દેવામાં આવી છે.

વૉટ ફોર રન માટે વધુને વધુ યુવા મતદારો જે નોંધાયા છે તે ભાગ લે તેમજ આ સિવાયના મતદારો પણ વધુ સંખ્યામાં જોડાય તે માટે શુક્રવારના રોજ એક ખાસ બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યુ છે.

મતદારોની જાગૃતિ માટે તંત્ર દ્વારા વિવિધ જાહેર સ્થાનો પર ખાસ હોર્ડિંગ્સ પણ આગામી દિવસોમાં મુકવા માટેની વ્યુહરચના તૈયાર કરી દેવામાં આવી છે અને આ સપ્તાહના અંતમાં તે મુકી પણ દેવામાં આવશે. આ માટે ગાંધીનગર મનપા સહિતના વિવિધ વિભાગો સાથે બેઠકો પૂર્ણ થઈ ગઈ છે અને નિર્ણય લેવાઈ ચુક્યો છે.

૨૦૧૦માં કેન્દ્રીય ચૂટંણી પંચની સ્થાપનાનો સુવર્ણજયંતિ ઉજવણીથી મતદારોની જાગૃતિ પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. દરેક ચૂંટણીમાં આ માટે ખાસ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે જે નોંધનીય છે.

# ફી વધારા સહીતના ૨૧ મુદ્દે નગરની સ્કુલોને માહિતી આપવા આરટીઆઈ

ગાંધીનગર તા ૧૧

શાળાઓમાં ફી વધારાનો મામલો વાલીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે. નગરજનો પણ આ મામલે જાગૃત બન્યા છે. આવા સંજોગોમાં ગાંધીનગર બાર એસોસિએશનના પુર્વ પ્રમુખ ગજેન્દ્રસિંહ રાઠોડે પણ નગરની સેન્ટ ઝેવિયર્સ , માઉન્ટ કાર્મેલ, હિલવુડ તેમજ ગુરુકુલ સહીતની સ્કુલોમાં ફી વધારા સહીત વિવિધ ૨૧ પ્રશ્નોના જવાબ માંગ્યા છે. જેમાં શાળાની ફી અન્વયે એફ આર સી એ શુ નક્કી ક્યુ છે. આ ઉપરાંત ધો ૧ થી ૧૦ માં ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમની કેટલી ફી વસુલવામાં આવે છે. સરકારમાંથી મળતી ગ્રાન્ટ તેમજ ફી અંગેની વધઘટ પરત કરવામાં આવે છે કે કેમ આ ઉપરાંત ડોનેશનમાંથી મળતી રકમ સહીતના મુદ્દે તેમણે વિગતો માંગી છે. જયારે શાળાઓમાં બાંધકામના નિયમ મુજબ . જમીન છે કે કેમ તે અંગે પણ લેખિત માહીતી માંગવામાં આવી છે. રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ વર્ષ ૨૦૧૬ થી ૨૦૧૯ દરમિયાન કેટલા એડમીશન આપવામાં આવ્યા ઉપરાંત શાળામાં વિદ્યાર્થી તેમજ સ્ટાફ અંગેની માહીતી પણ માંગવામાં આવી છે.

# નિરીક્ષકો દ્વારા ગાંધીનગર બેઠકના મતદાન મથકોની ચકાસણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર લોકસભા બેઠક માટે નિમાયેલા બે સામાન્ય નિરીક્ષકો દ્વારા સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ વિધાનસભા મતવિસ્તારના મતદાન મથકોની મુલાકાત લઈ અને તૈયારીઓની સમીક્ષા કરી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર(ઉ) અને કલોલ વિધાનસભાના કેટલાક મતદાન મથકોની તેમણે ઓચીંતી મુલાકાત લીધી હતી.

આ વેળાએ દિવ્યાંગ મતદારોની સુવિધાનો લઈ ચૂંટણીપંચે વિશેષ ભાર મુક્યો હોઈ આ નિરીક્ષકો દ્વારા તેમને અપાનારી સુવિધાઓની ચકાસણી કરવામાં આવી રહી છે.

પંચે આ વખતે આવા મતદારો વધુમાં વધુ મતદાન કરે તેવો પણ આગ્રહ રાખ્યો છે.

સંસદીય મતવિસ્તારમાં ૧૯૭૨ મતદાન મથકો નિયત કરવામાં આવેલા છે અને તે ૭૦૩ સ્થાનો પર આવેલા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર બેઠકની ચૂંટણી કામગીરીની સમીક્ષા કરાઈ

લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૧૯ અંતર્ગત સમગ્ર રાજયમાં આગામી તા. ૨૩મી એપ્રિલના રોજ મતદાન યોજાનાર છે. લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૧૯ની પૂર્વ તૈયારીના ભાગરૂપે આજરોજ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાના અધ્યક્ષ સ્થાને આર.ઓ., એ.આર.ઓ., તથા નોડલ અધિકારીની રિવ્યુ બેઠક યોજાઈ હતી. બેઠકમાં બેલેટ પોસ્ટલ મતદાન, મતદાન મથકોની તૈયારી, ચૂંટણી અંગેની સોંપાયેલી કામગીરીની વિગતોની ચર્ચા કરવામાં આવી હતી. મતદાન શાંતિપૂર્ણ માહોલમાં થાય એટલું જ નહિ પરંતુ મતદાન મથકો ઉપર મતદાન કરવા આવતા વૃદ્ધ તથા દિવ્યાંગ મતદારોને કોઈ તકલીફ ન પડે તે જોવા પણ તાકીદ કરી હતી.

# આરોગ્ય કમિશ્નરની કચેરીમાં જ તમાકુ વિરોધી ટીમે તપાસ હાથ ધરી

**3 જણા સામે દંડનીય કાર્યવાહી કરાઈ**

ગાંધીનગર, તા. ૧૧

તમાકુ વિરોધી નિયંત્રણ એકમ ગાંધીનગર દ્વારા આજે જુના સચિવાલયના સંકુલમાં બ્લોક નં. ૫માં અચાનક તપાસ હાથ ધરવામાં આવી હતી.

જિલ્લાની આ ટીમે ત્રણ જેટલા તમાકુના વ્યસનીઓને પકડી પાડ્યા હતા અને તેમની સામે દંડનીય કાર્યવાહી કરી દંડ વસુલવામાં આવ્યો હતો. મળતી વિગતો પ્રમાણે ૧૫૦ રૂ. જેટલો દંડ વસુલવામાં આવ્યો હતો. આ તપાસ હાથ ધરવામાં આવી હોવાની વાત કમિશ્નર આરોગ્ય સુધી પહોંચી હતી. ટીમે આ પછી આરોગ્ય મકિશ્નરશ્રીને પણ રૂબરૂ મળી જાણકારી આપી હતી. આરોગ્ય કમિશ્નરશ્રીએ ટીમની કાર્યવાહીને બિરદાવી હોવાનું જાણવા મળેલ છે.

જીવરાજ મહેતા ભવનના બ્લોક નં. ૫ માં આરોગ્ય કમિશ્નરશ્રીની જ કચેરી આવેલી છે. ટીમે આજે ૪ વાગ્યાની આસપાસ આ તપાસ હાથ ધરી હતી. ગયા વર્ષે રૂ. બે લાખથી વધુનો દંડ વસુલવામાં આવ્યો હતો જે નોંધનીય છે.



કાજુનું વૃક્ષ - ગાંધીનગર પર પ્રકૃતિના ચારેય હાથ છે... એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી... વૈવિધ્યપૂર્ણ ફુલ-છોડ અને વૃક્ષો ઉછરે છે... આંબાથી લઈ જાંબુ સુધી અને કેસુડાથી લઈ ગુલમહોર સુધીના વૃક્ષો ઠેર ઠેર જોવા મળે છે... પણ સૂકામેવાના વૃક્ષો પણ શહેરમાં છે... સૂકામેવામાં બદામના વૃક્ષો તો સ્વાભાવિક રીતે ઉછેરાય છે... પરંતુ અહિંયા કાજુનું વૃક્ષ પણ ઉછરી રહ્યું છે... ગાંધીનગરના સદ્દભાગ્ય છે... કે વૈવિધ્યપૂર્ણ ફુલ-છોડ આ ધરતીમાં ઉછરે છે...

# મોઢવાડિયા દ્વારા મોદી સામે આચારસંહિતા ભંગ ફરિયાદ

**આચારસંહિતાના ઉલ્લંઘન બદલ વડાપ્રધાન મોદી વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની ચૂંટણીપંચ સમક્ષ માગણી**

ગાંધીનગર, તા.૧૧

લોકસભા ચૂંટણી માટે આજે પ્રથમ તબક્કાની કુલ ૯૧ બેઠક માટે ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં મતદાન યોજાઈ રહ્યું છે. કુલ સાત તબક્કામાં મતદાન યોજાવાનું હોઈ ગરમીની સાથે-સાથે ચૂંટણી માહોલની ગરમી તેમજ ઉત્તેજનામાં વધારો થતો જાય છે. ચૂંટણી પ્રચારમાં જાણે-અજાણે થયેલી ચૂકને લઈ ઉમેદવારો અને રાજકીય પક્ષોના નેતાઓ સામે ચૂંટણી આચારસંહિતા ભંગની ફરિયાદો પણ નોંધાઈ રહી છે. કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે ચૂંટણી આચારસંહિતા ભંગની ફરિયાદ નોંધાવતાં ગુજરાત લોકસભા ચૂંટણીનું રાજકારણ ગરમાયું છે. જો કે, આજે ગુજરાત રાજય ચૂંટણી પંચ દ્વારા આ સમગ્ર કિસ્સો મહારાષ્ટ્રના લાતુરનો હોવાથી મહારાષ્ટ્ર ચૂંટણી પંચને આ ફરિયાદ તપાસ અર્થે ટ્રાન્સફર કરાઈ છે. નીતનવા આક્ષેપ અને પ્રતિઆક્ષેપ અને વિવાદો ઊઠી રહ્યા હોઈ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વપ્રમુખ અર્જુન મોઢવાડિયાએ

● અનુસંધાન પાન-૭ પર

# રાજનાથસિંહ આજે ગુજરાત પ્રવાસે

**કચ્છ અને ભાવનગર લોકસભા ક્ષેત્રને ધમરોળશે**

ગાંધીનગર,તા.૧૧

લોકસભા ચૂંટણીપ્રચાર માટે ગુજરાત મહત્ત્વના રાજ્ય તરીકે સ્થાન મેળવી ચૂક્યું છે ત્યારે કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહ આજે ૧૨ એપ્રિલે ગુજરાતના પ્રવાસે આવી પહોંચશે. તેઓ ગાંધીધામ, ભાવનગર અને બોટાદમાં જનસભા સંબોધશે.

ભાજપ દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં લોકસભા ચૂંટણીના અનુસંધાને કચ્છ અને ભાવનગર લોકસભા ક્ષેત્રના ભાજપાના ઉમેદવારોના સમર્થનમાં આજે તારીખ ૧૨ એપ્રિલ, ૨૦૧૯ના રોજ કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહ ચૂંટણી પ્રચાર અંતર્ગત જાહેર સભાઓ સંબોધશે.

કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહ સવારે ૧૧ કલાકે કચ્છ લોકસભાની ગાંધીધામ વિધાનસભા જાહેર સભા સંબોધશે. સિંધુ ભવન હોલ, ગાંધીધામ સાંજે ૪ કલાકે સભા સંબોધશે. ભાવનગરમાં યશવંતરાય નાટ્યગૃહ હોલ, સાંજે ૫.૩૦ કલાકે સભા સંબોધશે. ભાવનગર લોકસભાની બોટાદ વિધાનસભા વી. પી. બંગલો પાસે, ભાવનગર રોડ, બોટાદ ખાતે સંબોધશે.

## અનાવિલ અવસાન



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **બીપીનચંદ્ર બળવંતરાય દેસાઈ** તા. ૭/૪/૨૦૧૯ને રવિવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૪/૪/૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ કલાક સુધી** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : શ્રી સૌરાષ્ટ્ર લેઉવા સેવા સમાજ હોલ (પટેલ વાડી) સેક્ટર-૭/સી, પોલીસ સ્ટેશન પાસે, ગાંધીનગર-૩૮૨૦૦૭

**ગં.સ્વ. હેમાબેન બીપીનચંદ્ર દેસાઈ (પત્ની)**
**કલ્પેન બીપીનચંદ્ર દેસાઈ (પુત્ર)** **શાશ્વતી કલ્પેન દેસાઈ (પુત્રવધુ)**
**અભય બીપીનચંદ્ર દેસાઈ (પુત્ર)** **અનુપમા અભય દેસાઈ (પુત્રવધુ)**
**ઈશાન કલ્પેન દેસાઈ (પૌત્ર)**
**ફોન નં. ૦૭૯-૨૩૨૨૮૩૩૨**


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com